પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃસ્થાપન યોજના.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ—૧૦૯૭—ન.બા.—૩૩/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૯—૧૨—૨૦૦૦.

વંચાણમાં લીધોઃ— ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧—૩—૯૮ના ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ/૧૦૯૭/ન.બા./૩૩/ગ.

<u>આમુખઃ—</u>

ગુજરાતમાં અંદાજે ૬૪ હજાર સફાઈ કામદારો વસે છે, જેમાં ૩૩ હજાર સફાઈ કામદારો અને ૩૧ હજાર તેમના આશ્રિતો છે. આ પૈકીના ૭૫૦૦ સફાઈ કામદારોને વૈકલ્પિક રોજગારી આપી તેમનું પુનઃસ્થાપન કરવામાં આવેલ છે. ભારતના આયોજન પંચ તરફથી રચવામાં આવેલ અભ્યાસ જૂથના અભ્યાસ મુજબ શહેરમાં વસતા ૩૩ ટકા લોકો ફલશ જાજરુનો ઉપયોગ કરે છે અને ૩૩ ટકા લોકો ડબ્બા જાજરુ કે નિર્જળ જાજરુનો ઉપયોગ કરે છે અને બાકીના ૩૪ ટકા લોકો તેમના રહેઠાણમાં જાજરુની સગવડ ન હોવાથી ખુલ્લી ગટર કે ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરે છે. આયોજન પંચના અહેવાલ (૧૯૯૦—૯૧) મુજબ સમગ્ર દેશમાં ૬૬.૪ લાખ ડબ્બા જાજરુ કે નિર્જળ જાજરુ છે જે પૈકી ૫૪.૨ લાખ શહેરી વિસ્તારોમાં અને બાકીના ૨૨.૨ લાખ ગ્રામીણ વિસ્તારોમાં આવેલા છે. આ ઉપરાંત અસ્વચ્છ પરિસ્થિતિ સાથે સંકળાયેલા લોકોની સારવાર પાછળ દર વર્ષે અંદાજે રૂા.૧૦,૦૦૦ કરોડ જેટલો ખર્ચ થાય છે તેમજ સમગ્ર દેશમાં દર વર્ષે પાંચ વર્ષથી ઓછી વયના અંદાજે ૭ લાખ બાળકો મૃત્યુ પામે છે. આમ સ્વચ્છતાની અપૂરતી સગવડની હાનિકારક અસર લોકોના આરોગ્ય ઉપર પડે છે. આ સમગ્ર પરિસ્થિતિ ઉભી થવાનું મુખ્ય કારણ બિનઆરોગ્યપ્રદ અને ગંદી પરિસ્થિતિની અસર છે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં લેતાં સ્વચ્છતા લાયક પરિસ્થિતિની સુધારણા એક મહત્વપૂર્ણ સામાજિક અને આર્થિક જરુરિયાત બની રહે છે.

આમ હાથ વડે મેલુ સાફ કરવાની અમાનવીય પ્રથા નાબૂદ કરવાના હેતુથી કેન્દ્ર સરકારે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે રાષ્ટ્રીય યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના બેન્કેબલ યોજના હોવાથી અરજદારોને પર્યાપ્ત લોન કે સહાય પૂરતા પ્રમાણમાં અને સમયસર મંજૂર થતી ન હતી તેથી અરજદારોને ઉદ્યોગ ધંધા તથા વ્યવસાય શરૂ કરવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે નવમી પંચવર્ષીય યોજનામાં સફાઈ કામદારોના ઉત્કર્ષ અને પુનઃસ્થાપન માટે રૂા. ૧૫૦

કરોડની ખાસ ફાળવણી કરેલ છે અને તે અન્વયે ૧૯૯૭-૯૮, ૧૯૯૮-૯૯ અને ૧૯૯૯-૨૦૦૦ના વર્ષોમાં દર વર્ષે રૂા. ૩૦ કરોડ લેખે રૂા.૯૦ કરોડની ફાળવણી કરી હતી અને આ યોજના અંગેના વિગતવાર હુકમો આમુખમાં દર્શાવેલ ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૧-૩-૯૮ના ઠરાવથી કરવામાં આવેલા હતા. આ ઠરાવના ફકરા-૬ મુજબ સંબંધિત લાભાર્થીએ યુનિટ કોસ્ટના ૮૫ ટકા ધીરાણ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ કોર્પોરેશનમાંથી મેળવવાનું રહેતું હતું અને બાકીના ૧૫ ટકા રાજ્ય સરકારે ઉપરોક્ત જોગવાઈમાંથી ભોગવવાના રહેતા હતા. એટલે વાર્ષિક રૂા. ૩૦ કરોડની રકમ ખર્ચવા માટે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી અને વિકાસ નિગમમાંથી દર વર્ષે રૂા. ૧૭૦ કરોડનું ધીરાણ મેળવવું પડે જે અશક્ય હતું પરિણામે આ રકમનો ખર્ચ કરવો મુશ્કેલ બન્યો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારે કરેલ જોગવાઈમાંથી સફાઈ કામદારોના પુનઃસ્થાપન માટે વિવિધ પાસાઓને આવરી લેતી સર્વાંગી યોજના અમલમાં મૂકવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી અને આ બાબતમાં પુખ્ત વિચારણા કર્યા બાદ સફાઈ કામદારોના પુનઃસ્થાપન માટે નીચે મુજબની યોજના અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે:-

ઠરાવ :-

૧. આ યોજના " પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃસ્થાપન યોજના " તરીકે ઓળખાશે.

૨. આ યોજના માટેની શરતો નીચે મુજબ રહેશે.

(૧) પાત્રતા :- આ યોજનાનો લાભ અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા સફાઈ કામદારોને અગ્રતા આપવા સાથે તમામ સફાઈ કામદારોને મળવાપાત્ર રહેશે અને તે માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહિ, પરંતુ લાભાર્થીની પસંદગી માટે નીચેના ધોરણે અગ્રતા આપવાની રહેશે.

- (ક) ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીઓ.
- (ખ) શિક્ષિત બેરોજગારો તથા અંશકાલિન સફાઈ કામદારો.
- (ગ) ગરીબી રેખા માટે નિયત થયેલ આવક કરતાં બમણી વાર્ષિક આવક ધરાતા લાભાર્થીઓ.
- (ઘ) લક્ષિત જૂથના મહિલા લાભાર્થીઓ.
- (ચ) લક્ષિત જૂથના અપંગ / અશક્ત અરજદારો.
- (છ) અન્ય.

(૨) સફાઈ કામદારોની ૭૦ ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં રહેતી હોઈ તે ગ્રામ્ય વિસ્તારોના સફાઈ કામદારો કરતાં વધુ શિક્ષિત હોઈ, આ યોજનાનો લાભ કેવળ શહેરી વિસ્તારોમાં રહેતા સફાઈ કામદારોને જ ન મળે, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા સફાઈ કામદારોને પણ મળી રહે તે અંગે સંબંધિત

અધિકારીએ પૂરતી સતર્કતા રાખવાની રહેશે. તેમજ તેમને કઈ પ્રવૃતિ વધુ અનુકૂળ આવશે/જરૂરી જણાય છે તે ધ્યાનમાં રાખવાનું રહેશે.

(૩) આ યોજના હેઠળ આર્થિક ઉત્કર્ષની યોજના માટે રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ નવી દિલ્હીની યોજનાઓ હેઠળ લાભાર્થીએ ચૂકવવાની માર્જીન મની માટેનો ખર્ચ આ જોગવાઈમાંથી કરી શકાશે તેમજ લાભાર્થીને ચૂકવવાની સબસીડી પણ આ યોજના હેઠળની જોગવાઈમાંથી નીચે દર્શાવેલ ધોરણે ચૂકવવાની રહેશે.

| અ.નં. | યુનિટ કોસ્ટ | સબસીડી | સબસીડીની મર્યાદા. |
|---|---|---|---|
| ૧. | રૂા. ૨૫,૦૦૦ સુધી | ૫૦ ટકા | રૂા. ૧૦ હજાર. |
| ૨. | રૂા. ૨૫,૦૦૧ થી રૂા. ૫૦,૦૦૦ સુધી | ૪૦ ટકા | રૂા. ૨૦ હજાર (ઓછામાં ઓછા રૂા. ૧૦ હજાર). |
| ૩. | રૂા. ૫૦,૦૦૧ થી રૂા. ૧ લાખ. | ૩૦ ટકા | રૂા. ૩૦ હજાર (ઓછામાં ઓછા રૂા. ૨૦ હજાર ) |
| ૪. | રૂા. ૧,૦૦,૦૦૧ થી રૂા. ૨ લાખ. | ૨૦ ટકા | રૂા. ૪૦ હજાર (ઓછામાં ઓછા રૂા. ૩૦ હજાર). |
| ૫. | રૂા. ૨,૦૦,૦૦૧ થી રૂા. ૫ લાખ | ૧૫ ટકા | રૂા. ૭૫ હજાર (ઓછામાં ઓછા રૂા. ૪૦ હજાર). |

૩. ઉપર દર્શાવેલ રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ નવી દિલ્હીની યોજનાઓ ઉપરાંત નીચેની યોજનાઓ માટે પણ આ યોજના હેઠળ સહાય આપી શકાશે.

(૧) કોઈ સફાઈ કામદાર આ યોજના હેઠળ બેન્કેબલ યોજના હેઠળ બેન્કમાંથી લોન મેળવે તો લાભાર્થીએ ભરવાની માર્જીન મનીની રકમ રાજ્ય સરકારે ભરવાની રહેશે તેમજ બેન્ક તરફથી લેવામાં આવતા વ્યાજના દર અને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ તરફથી લેવામાં આવતા વ્યાજના દર વચ્ચેના તફાવતને ઈન્ટરેસ્ટ સબસીડી તરીકે રાજ્ય સરકારે ભોગવવાનો રહેશે.

(૨) સફાઈ કામદારોની મંડળીઓ, જૂથો, સેલ્ફ હેલ્પ ગૃપો કે તેમાં અન્ય જૂથો રચી તેમણે સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, ચેરીટેબલ ટ્રસ્ટ એક્ટ કે કો.ઓપરેટીવ સોસાયટી એક્ટ હેઠળ નોંધણી કરાવવાની રહેશે અને નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદા મુજબ હોસ્પિટલના કચરાના નિકાલ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનના તથા રાજ્યના સુધરાઈ વિસ્તારમાં આવેલી રેસ્ટોરન્ટો તથા હોટલો વગેરેના કચરાના નિકાલ માટેના કોન્ટ્રાકટમાં આવી મંડળીઓને અગ્રતા આપવાની રહેશે.

(૩) ઉપર જણાવ્યા મુજબ કચરાના નિકાલ માટે કચરો એકઠો કરી તેનો નિકાલ કરવો વગેરે કામગીરી માટે વાહનો ખરીદવા તેમજ અન્ય પ્રવૃત્તિ માટે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ મારફતે આવા જૂથોને / મંડળીઓને લોન આપવાની રહેશે અને તેવા કિસ્સામાં ફકરા – ૨ (૩) મુજબ સબસીડી આપી શકાશે.

(૪) ઉપર જણાવ્યા મુજબના કચરાના નિકાલ ઉપરાંત મ્યુનિસિપલ કોર્પોરેશનો અને શહેરી વિકાસ સત્તામંડળો તથા સુધરાઈ વિસ્તારોમાં આવેલ રહેઠાણોના વિસ્તારોના કચરાના નિકાલ માટેની કામગીરી માટે પણ આવા જૂથોને અગ્રતા આપવાની રહેશે અને કચરાના નિકાલ માટે જરૂરી પૂરતા કન્ટેઈનરવાળી ટ્રાઈસિકલ ખરીદવા માટે બેન્કેબલ યોજના હેઠળ કે માનવગરીમા યોજના હેઠળ સહાય કે લોન મેળવવા માટે સંબંધિત મંડળીએ અરજી કરવાની રહેશે અને તે યોજનાઓ હેઠળ લોન કે સહાય મળી શકે તેમ ન હોય તો ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમે આ ઠરાવ હેઠળ વ્યક્તિગત કિસ્સામાં લોન આપવાની રહેશે.

(૫) પુરુષો ઉપરાંત આ સમાજની મહિલાઓ પણ તેમના આર્થિક ઉત્કર્ષમાં ભાગીદાર બની શકે તે માટે આવી મહિલાઓની પણ મંડળીઓ/જૂથો રચી તેની નોંધણી કરાવવાની રહેશે અને ઝાડુ વગેરે બનાવવા માટેની કાચી સામગ્રી ખરીદવા માટે આવી મંડળીઓ/જૂથોને ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ મારફતે લોન આપવાની રહેશે.

(૬) ખાસ કિસ્સા તરીકે અમદાવાદ મ્યુ.કોર્પોરેશન તરફથી સફાઈ કામદારોને જે હેલ્થ ક્વાટર્સ માલિકીના ધોરણે આપવામાં આવેલ છે તેવા વ્યક્તિગત મકાનોના રીપેરીંગ માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન મારફતે વ્યક્તિગત કિસ્સામાં લોન આપવાની રહેશે અને અમદાવાદ મ્યુ. કોર્પોરેશને સંબંધિત સફાઈ કામદારના પગારમાંથી હપ્તો કાપી તે રકમ સરકારને ચૂકવવાની રહેશે. આ ઉપરાંત આવા મકાનોની સીડી, સીડીનો કઠેડો, ધાબાની પેરાફીટ તથા કોલોનીના સાર્વજનિક જાજરુના રીપેરીંગ માટે પણ આ જોગવાઈમાંથી ખર્ચ કરી શકાશે.

(૭) જે સફાઈ કામદારો ઝૂપડામાં રહે છે તેમને શક્ય હોય ત્યાં સુધી તેમના હાલના રહેઠાણની નજીકમાં સ્લમ ક્લીયરન્સ બોર્ડ જેવી સંસ્થાઓ તરફથી બાંધવામાં આવેલા અને ખાલી પડેલા મકાનો આપવા અને જો તેમના રહેઠાણની નજીકમાં આવા ખાલી મકાનો ઉપલબ્ધ ન હોય તો અન્ય સ્થળે આવેલી વસાહતમાં ખાલી પડેલા મકાનો આપવા અને આ માટે ડૉ. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના અન્વયે સંબંધિત સદર હેઠળ મળવાપાત્ર સહાય આપવાની રહેશે અને બાકીની રકમની લોન આ ઠરાવ હેઠળની જોગવાઈમાંથી આપવાની રહેશે.

(૮) હાલના હેલ્થ ક્વાટર્સ કે સ્લમ ક્વાટર્સની આજુબાજુ પૂરતા પ્રમાણમાં ખુલ્લી જમીન ઉપલબ્ધ હોય તે જમીન ઉપર પૂરતી સગવડવાળા બહુમાળી મકાન બાંધી તે મકાનો હેલ્થ ક્વાટર્સ કે સ્લમ ક્વાટર્સમાં રહેતા સફાઈ કામદારોને ફાળવવાના રહેશે અને તે માટે ડૉ. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ મળવાપાત્ર સહાય આપી બાકીની રકમ જોગવાઈમાંથી રકમ લોન તરીકે ચૂકવવાની રહેશે.

૪. ઉપર જણાવેલ બાબતો ઉપરાંત સફાઈ કામદારોની વસાહતોના વાતાવરણમાં સુધારણા કરવા માટે આ જોગવાઈમાંથી નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૧) આવી વસાહતમાં રમતના મેદાનો, આંગણવાડી તથા બાલવાડી વગેરે શરૂ કરવા.

(૨) આવા વિસ્તારોમાં સ્ત્રીઓ અને છોકરીઓ માટે સંસ્કાર કેન્દ્રો શરૂ કરવા.

(૩) આવા વિસ્તારોમાં બાગ–બગીચા તેમજ બાલ– ક્રિડાગણની સગવડો પૂરી પાડવાની રહેશે.

૫. ઉપર દર્શાવેલ કામગીરી શક્ય હોય ત્યાં સુધી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત અમલમાં મૂકવાની રહેશે અને તે માટે સ્વૈચ્છિક સંસ્થાઓની યાદી તૈયાર કરવાની રહેશે અને તેમને વહીવટી તેમજ અન્ય ખર્ચ માટે નાણા આપવાના રહેશે.

૬. (૧) આ સમગ્ર યોજનાનો અમલ ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડના સહયોગથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ મારફત કરવાનો રહેશે. આ કામગીરી માટે નીચે મુજબનું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| પ્રોજેકટ કન્સલટન્ટ | (એક) | (માસિક રૂા.૧૫૦૦૦ના ફીકસ પગારથી)(નિગમનીવડીકચેરી ખાતે) |
| પ્રોજેકટ ઓફીસર | (પાંચ) | (માસિક રૂા.૭૦૦૦ના ફીકસ પગારથી) |
| વસૂલાતઅધિકારી | (એક) | (માસિકરૂા.૧૦૦૦૦નાફીકસપગારથી) (નિગમની વડી કચેરીમાં) |
| મદદનીશ જિલ્લા મેનેજર | (૨૫) | (માસિક રૂા.૭૦૦૦ના ફીકસ પગારથી) દરેક જિલ્લામાં એક |
| કારકુન | (૨૫) | (માસિક રૂા.૪૦૦૦ના ફીકસ પગારથી) દરેક જિલ્લામાં એક. |

(૨) વસુલાત અધિકારીની જગ્યા સિવાયની ઉપર દર્શાવેલ જગ્યા ઉપર કરારથી નિમણૂક આપવાની રહેશે અલબત વસૂલાત અધિકારીની જગ્યા મામલતદાર સંવર્ગમાંથી પ્રતિનિયુક્તિથી ભરી શકાશે.

(૩) પાંચ પ્રોજેક્ટ ઓફીસર પૈકી ચાર પ્રોજેક્ટ ઓફીસર સમગ્ર રાજ્યનું ચાર ઝોનમાં વિભાજન કરી ઝોન દીઠ એકના ધોરણે નિમવાના રહેશે અને એક પ્રોજેક્ટ ઓફીસર ચાર ઝોનની સંકલનની કામગીરી માટે નિગમની વડી કચેરીમાં નિમવાના રહેશે જેમણે અમદાવાદ જિલ્લાની કામગીરી પણ સંભાળવાની રહેશે.

(૪) આ કામગીરી માટે બે વાહનો ભાડેથી રાખવા નિગમને આથી મંજૂરી આપવામાં આવે છે.

૭. (૧) આ યોજનાના અમલ માટે નીચે જણાવેલ અધિકારીઓની કારોબારી સમિતિની રચના કરવામાં આવે છે અને આ યોજનાના અમલ માટેની તમામ સત્તાઓ તેને સુપરત કરવામાં આવે છે.

—નાયબ સચિવ(સમાજ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
—નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
—વહીવટી સંચાલક, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
—નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
—સચિવશ્રી સફાઈ કામદાર બોર્ડ, ગાંધીનરગ(સભ્ય સચિવ)

(૨) આ યોજનાના અસરકારક અમલ માટે નીચે દર્શાવેલ અધિકારીઓની એમ્પાવર્ડ કમિટીની રચના કરવામાં આવે છે.

— સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ— અધ્યક્ષ
—અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.
—સચિવશ્રી(ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અન ગ્રામવિકાસ

—સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

(૩) આ સમગ્ર યોજનાના સંચાલન માટે સલાહ સૂચન માટે નીચે દર્શાવેલ માન.મંત્રીશ્રીઓની સલાહકાર સમિતિની રચના કરવામાં આવે છે.

—માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અધ્યક્ષ)
—માન.નાયબ મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
—અધ્યક્ષશ્રી, ગુજરાત સફાઈ કામદાર બોર્ડ, ગાંધીનગર.
—સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
—નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
—નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
—મેનેજિંગ ડિરેક્ટરશ્રી, અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
—સચિવશ્રી, સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર( સભ્ય સચિવ)

આ સમિતિની બેઠક દર છ માસે મળશે અને યોજનાઓના અમલની તથા કામગીરીની સમીક્ષા કરશે.

૮. આ ઉપરાંત પંચાયત વિસ્તારોમાં તેમજ સુધરાઈ વિસ્તારોમાં સંબંધિત સ્થાનિક સ્વરાજની સંસ્થા નાણાંના અભાવે નિર્જળ જાજરૂ કે ડબ્બા જાજરૂનું સજળ જાજરૂમાં પરિવર્તન ન કરી શકાતું હોય તો આવા પરિવર્તન માટે પંચાયત વિસ્તારો માટે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે અને શહેરી વિસ્તારો માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંદાજપત્રમાં જોગવાઈ કરી સંબંધિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને નાણાં ફાળવવાના રહેશે અને આવી જોગવાઈ માટેની દરખાસ્ત નાણાં વિભાગ તરફથી સ્વીકારવામાં ન આવે તો જ આ ઠરાવ હેઠળની જોગવાઈમાંથી આ હેતુ સંબંધિત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને આર્થિક સહાય આપી શકાશે. આ સહાય જાજરૂ પરિવર્તન માટે જ વાપરવામાં આવે તે જોવાની જવાબદારી શહેરી વિસ્તાર માટે કલેકટરની અને ગ્રામ વિસ્તાર માટે જીલ્લા વિકાસ અધિકારીની રહેશે.

૯. સફાઈ કામદારોના શિક્ષિત બેરોજગારો સ્વરોજગારી મેળવી શકે તે માટે આ યોજના હેઠળ ખર્ચ કરીને તેમને સ્વરોજગારીની તાલીમ આપી શકાશે.

૧૦. સફાઈ કામદારના કુટુંબના પુખ્ત વયના દરેક સભ્યને કોઈ પણ પ્રકારના બંધન સિવાય આ યોજનામાં લાભ આપવાનો રહેશે.

૧૧. આ સમગ્ર યોજનનો અમલ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ મારફતે ગુજરાત સફાઈ કામદાર બોર્ડના સહયોગથી કરવામાં આવશે. આ યોજના હેઠળ ફાળવાયેલ તમામ નાણા નિગમને હવાલે મૂકવામાં આવશે અને ફકરા– ૩ ના પેટા ફકરા (૬) અને (૭) ના હેતુ માટે જરૂરી રકમ નિગમે નિયામકશ્રીને ફાળવવાની રહેશે. આ યોજના માટે લાભાર્થીની પસંદગી કરવા માટે નીચે મુજબની જિલ્લા સમિતિની રચના કરવામાં આવે છે.

–જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (કન્વીનર)

–સંબંધિત જિલ્લાના ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડના ડીરેકટર

–જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી (શહેરી વિસ્તાર માટે)

–સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત), (ગ્રામ વિસ્તાર માટે)

ઉપરોક્ત જિલ્લા સમિતિએ લાભાર્થીઓ શોધી તેમની પસંદગીના વ્યવસાય માટે અરજીઓ એકત્રિત કરી ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ મારફતે આ ઠરાવના ફકરા– ૭ (૧) હેઠળ રચાયેલ સમિતિને મોકલવાની રહેશે.

૧૨. આ યોજનાનો અમલ કરવાની સંપૂર્ણ જવાબદારી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની રહેશે. આ યોજના હેઠળ નિગમ તરફથી જે લોન આપવામાં આવશે તે ઉપર નિગમ તરફથી તેની યોજનાઓ માટે આપવામાં આવતા વ્યાજના દરે વ્યાજ લેવાનું રહેશે.

૧૩. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૨૨૫–અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ– અનુસૂચિત જાતિઓનું કલ્યાણ– ૧૦૨– આર્થિક વિકાસ–બીસીકે–૪૩(બી) સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે નાણાકીય" હેઠળ ઉધારવાનું રહેશે અને તે હેઠળ કરવામાં આવેલી જોગવાઈમાંથી તે મેળવવાનો રહેશે.

૧૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૩૧-૮-૨૦૦૦ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે. આ ઠરાવ, તે બહાર પડયાની તારીખથી અમલમાં આવશે અને તે તારીખથી આમુખમાં દર્શાવેલ તા. ૨૧-૩-૯૮નો ઠરાવ રદ થયેલો ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રમણ આર્ય)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિ. ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓ/મા. મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓ.
માન. વિરોધપક્ષના નેતાશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિ. ગાંધીનગર.
સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિ. ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધ્યક્ષશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર.
નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર.
મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી.
સર્વે કલેકટરશ્રી
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરશ્રીઓ
સર્વે નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, નગરપાલિકાઓ મારફતે)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી.
સર્વે જિલ્લા મેનેજર, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સર્વે શાખા. (ગ- શાખા સિવાય), સિલેક્ટ ફાઈલ.

ગુજરાત સફાઈ કામદાર બોર્ડને
ગુજરાત સફાઈ કામદાર વિકાસ
<u>નિગમમાં ફેરવવા બાબત.</u>

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક :–એસસીડબલ્યુ/૧૦૨૦૦૦/મ.૨૬૦/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :– ૧૯ –૬ –૨૦૦૧.

**વંચાણે લીધો : –**

૧. ભૂતપૂર્વ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૫–૧૦–૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક : પરચ–૧૦૯૧/૧૬૧૮/જ,

**ઠરાવ : –**

રાજ્યમાં સફાઈ કામદારોના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરવા તથા તેમના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ કરવા માટે આમુખમાં દર્શાવેલ તા. ૧૫–૧૦–૧૯૯૪ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. આ બોર્ડની મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એકટ,૧૯૫૦ તથા મંડળીઓ નોધણી અધિનિયમ–૧૮૬૦ હેઠળ નોધણી કરવામાં આવેલી છે. આ બોર્ડ તરફથી સફાઈ કામદારો માટે ગરીબલક્ષી અને તાલીમલક્ષી તથા સ્વરોજગારી માટેની રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હીની વિવિધ યોજનાઓની અમલ કરવામાં આવે છે. વધુમાં સફાઈ કામદારોના વિકાસ અને ઉત્થાન માટે રાજ્ય સરકાર તરફથી વિવિધ કલ્યાણકારી અને આર્થિક તથા શૈક્ષણિક વિકાસની યોજનાઓનો અમલ નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે અલગ રીતે કરવામાં આવે છે. તે જ રીતે સફાઈ કામદારોના આર્થિક ઉત્કર્ષ માટેની ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમ નવી દિલ્હીની વિવિધ યોજનાઓનો અમલ પણ ગુજરાત સફાઈ કામદાર બોર્ડ તરફથી કરવામાં આવે છે અને તે માટે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર ચેનાલાઈઝીંગ એજન્સી તરીકે કાર્ય કરે છે. આમ સફાઈ કામદારોના કલ્યાણની યોજનાઓનો વિશાળ વ્યાપ જોતાં ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડને નિગમમાં ફેરવવામાં આવે તો ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણા અને વિકાસ નિગમની સીધી એજન્સી તરીકે સફાઈ કામદારોની સ્થિતિ સુધારવા માટે તે અગત્યનું પૂરવાર થઈ શકે.

૨. ઉપર જણાવેલ સંજોગોમાં ગુજરાત રાજ્યમાં સફાઈ કામદારો માટે અલગ નિગમની રચના કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબત પરત્વે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર આથી હાલના ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડને **" ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ લિ. ગાંધીનગર "** ના નામે નિગમમાં ફેરવવાનું ઠરાવે છે.